શ્રી સુબોધમાળા

આવૃત્તિ ત્રીજી

સંવત ૧૯૬૭ આશ્વિન.

સુરત ખપાટીઆ ચકલા ઉપર લક્ષ્મીનારાયણજીની વાડીમાં આવેલા
"ગુજરાત મિત્ર" પ્રિન્ટીંગ પ્રેસમાં મુદ્રક ... છાપીયાએ
છાપી. અને સુરત વાડીફળીયામાંથી ...
... પ્રગટ કરી.

કી. ૦—૨—૬.

શિક્ષકોને સૂચના.

આ બાળબોધ માળાના પાઠોમાંથી પ્રથમ એક એક પાઠ પોતે પોતાના વર્ગમાં સઘળા બાળકોની એકવૃત્તિ કર્યા પછી પોતે જાતે શુદ્ધ મનથી તથા એક ચિત્તથી વાંચી સંભળાવવો અને તેનો અર્થ તથા ભાવાર્થ સ્પષ્ટ રીતે સમજાવવો. પછી બીજે દિવસે તે પાઠ બાળકો પાસેથી મોઢેથી લેવો, અને તેની મતલબ બાળકોના મનમાં ઠસી કે નહીં તે એવું વળી બાળકો પોતપોતાના શબ્દમાં એ પાઠનો બોધ પ્રમાણે વર્તે છે કે નહીં તેનો નિશ્ચય પોતે જાતે તેમને ઘેર જઈ તેમના માબાપોથી કરી લેવો. અને પ્રત્યેક અઠવાડિયે બાળકોની શુભ ચાલની ચોપડી મગાવી તેમાં એટલુંજ સૂચવવાનું છે કે જેમ બને તેમ શિક્ષકોએ નીતિની છાપ બાળકોના અંતઃકરણમાં પાડવાને અતિ આગ્રહથી મહેનત લેવી અને એમ કરવાથીજ બાલ બાળક અને બાળકીઓને જે સ્વચ્છંદ રીતે ચાલવાની ટેવ પડી છે તે દૂર થઈ જશે. આગળ સંસારમાં સુખી રહી પોતાના બાળકોને પણ તેવી શુભ નીતિનો બોધ આપશે તો તેથી હવે પછીની થનારી પ્રજા નીતિવાળી થશે. અને એથીજ આ દેશની પૂર્વવત્ ઉત્તમ સ્થિતિ થવાનો સંભવ છે.

સુરત, આશ્વિન શુદ ૧૦ સંવત ૧૯૫૭.

ના. ડ. ત્રિવેદી.

॥ ॐ सद्गुरुः प्रसन्नोस्तु ॥

॥ बालबोधमाला ॥

દોહરો.

હાથ જોડીને વીનવું, શ્રી હરી થાઓ પ્રસન્ન;
ધર્મ સનાતનમાં તમે, કરજો દૃઢ મુજ મંન.
કાયા, વાણી, મંન મુજ, નિર્મળ રહો સદાય;
ઉદય કરો સદબુદ્ધિ કે, ભુલમાં નહી ભમાય.
ધર્મતણા ઉપદેશ સહુ, પ્રેમે નિત્ય પમાય;
એવું મુજ જીવન હજો, એજ જાચું જગરાય.

બોધપાઠ ૧ લો.

અરે ! બાળકો તમે એકજ માતા પિતાના ભાંડુઓ છો તથી એકજરૂપ છો જુદા નથી, તેથી ભાઈ અને બેનની સાથે ખાવાપીવા પહેરવા ઓઢવા સારૂ કદી ટંટો કરતા નહીં. વળી તેનાં સુખ અને દુઃખ એ બેઉમાં સમાન ભાગ લેજો એટલે તેમને સુખ થયાથી તમે સુખી સમજજો અને તેમને દુઃખ થયાથી તમે દુઃખી સમજજો. તેમની સાથે મીઠાં વચનથી બોલવાની સદા ટેવ રાખજો. કદાપી તે ભૂલથી તમને કડવું વચન કહે તો પણ તેની ભૂલ જાણી તેને શાંત વચનથી સુધારવાનો પ્રયત્ન કરવો. માબાપની

નિત્ય સેવા કરી તેમના કહ્યા પ્રમાણે ચાલજો. સદા સાચું બોલવાની ટેવ રાખજો. જુઠું બોલનારા અને ટંટો કરનારા છોકરાંની સોબત કરવાની ટેવ રાખતા નહી. મીઠું અને ગળ્યું રોજ ખાધાથી શરીર સારૂં રહેતું નથી તેથી તેવી ટેવ પાડતા નહીં. મૂલ્યવાન લૂગડાં ઘરેણાં પહેરી આનંદ પામતાં નહીં પણ સત્ય, વિદ્યા અને નીતિવાન થવાની ઇચ્છા સદા રાખજો.

બોધપાઠ ૨ જો.

નિત્ય રાત્રે વહેલા સૂઇ સવારના સૂર્યોદય પહેલાં ઉઠવાની ટેવ રાખજો. પથારીમાં આળોટવાની ટેવ રાખતા નહીં. પથારીમાંથી ઉભાં થતાં પહેલાં પરમેશ્વરનું સમરણ કરીને ઉઠી ઝાહાડે જઈ તાજા જંજેટા અથવા તાજા લીંબડાના દાતણથી દાંત ઘશી ઉલ ઉતારી મોઢું ધોઈ સ્વચ્છ રાખજો. ઝાહાડે જઈ આવ્યા પછી માટી લઈ હાથ પગ ધોવાની ટેવ રાખજો.

બોધ પાઠ ૩ જો.

ત્યાર પછી સદે તો ઠંડા પાણીથી અથવા સાધારણ ઉના પાણીથી પોતાનું શરીર ચોળી મેલ કાઢી નાહવાની ટેવ રાખવી. નાહતી વખતે એવો વિચાર કરવો કે જેવી રીતે મહારો બહારનો મેલ કહાડી નિર્મળ થાઉં છું તેવી રીતે મારૂં મન નિર્મળ કરવાનું છે. એટલે મારે સઘળાને

મારા પોતાના આત્મા પ્રમાણે સમજી તેમની સાથે હળીમ-ળીને ચાલવાનું છે. અને સઘળા પ્રાણીમાત્રનું ભલું થવાના વિચાર કરવાના છે.

બોધપાઠ ૪ થો.

એવી રીતે નિત્ય નિર્મળતા રાખી પોતાના ઘરમાં દેવસેવાનું એકાંત ઠેકાણું હોય ત્યાં બેસી સઘળા મનુષ્ય પ્રાણીનું ભલું થવાના વિચાર કરી એકચિત્તથી પોતપોતાના સંપ્રદાયની રીતિ પ્રમાણે સંધ્યાવંદન અથવા માળા પૂજા ઇત્યાદી કરવાનો અભ્યાસ આશરે અરધા કલાક સુધી રાખવો. તે સમયે મનના વિચાર બીજી કોઈ વસ્તુમાં નહીં જવા દેવાને સાવધ રહેવું.

બોધપાઠ ૫ મો.

એવી રીતે કર્યા પછી પોતાના વિદ્યાગુરુએ જે પાઠ તૈયાર કરવા આપ્યો હોય તે એક ચિત્તથી વાંચી લખીને તૈયાર કરવાની ટેવ રાખશો તો વિદ્યા વહેલી આવડશે. ભણતાં ભણતાં વાત કરવાની ટેવ રાખવી નહીં. એવી રીતે તૈયાર કરી, પોતાના ઘરનું રોજનું જે કામ પોતાથકી થઈ શકે, તે ચિત્ત રાખીને કરવાની ટેવ રાખવી. માબા-પની આજ્ઞામાં નિરંતર રહી તેમને સદા રાજી રાખવાનો પ્રયત્ન કરવો અને બાળકીઓએ ભોજન ઇત્યાદિની સામગ્રી તૈયાર કરવાની ટેવ પાડવી.

બોધપાઠ ૬ ઠ્ઠો.

ભોજન કરવાનો સમય થયો એટલે નિર્ગુણ ભોજન એટલે ઘણું ખારૂં ખાટું અને તીખું ખાવું નહીં, લસણ કાંદા ઇત્યાદિ અભક્ષ્ય વસ્તુ કોઇ દિવસ ખાવી નહીં. ચોખા દાળ, રોટલા, રોટલી, ઇત્યાદિ સાદું ખાવાથી મન અને શરીરથી સુખી રહેવાય છે. નિરંતર મીઠાઇ મેવા ખાધાથી તન અને મન બંને બગડે છે. જમતી વખત મન આનંદમાં રાખી એવો વિચાર કરવો કે આ ભોજનથી મારૂં બાહારનું શરીર બળવાન થાઓ. મારા અંતરનાં ઝીણાં શરીરને પણ બળ આપી તેનું પોષણ થાઓ. મારી ઇશ્વરમાં સદ્ભક્તિ રહી મારા કલ્યાણ થવાને માર્ગે મન જવાને યોગ્ય થાઓ. ભોજન ભૂખ કરતાં કાંઇક ઓછું કરવું પણ અકરાંત્યાની પેઠે જમવું નહીં, પાણી પણ જે પ્રમાણે તરસ લાગી હોય તે પ્રમાણેજ પીવું પણ અધિક પીવું નહીં.

બોધપાઠ ૭ મો.

ભોજન કરી રહ્યા પછી આશરે અડધો કલાક આનંદથી આમ તેમ ફરવું. ત્યાર પછી નિશાળે જતાં માર્ગમાં નઠારાં છોકરાં તથા છોકરીઓનો સંગ કરવો નહીં. તેમજ રસ્તામાં કોઇ ગાળાગાળી કરતું હોય અથવા તમાસો રમત ઇત્યાદિ થતું હોય તે જોવાનું મન કરવું નહીં, ને ત્યાં ઉભા રહેવું નહીં. પણ પાધરા વેળાસર નિશાળે

જવું. નિશાળે ગયા પછી પોતાના વિદ્યાગુરૂની આજ્ઞામાં રહેવું. શોરબકોર કરવો નહીં પણ મેહેતાજી જે શિખવે તેમાં ચિત્ત રાખી ભણવામાં મન રાખવું પણ મનને બીજે આડેઅવળે જવા દેવું નહીં. એવી રીતે વિદ્યાભ્યાસ કરવાથી અંતઃકરણ નિર્મળ થઈ વિદ્યા વહેલી આવડશે.

બોધપાઠ ૮ મો.

નિશાળેથી છુટયા પછી ઘેર પાછા ફરતાં રસ્તામાં કંઇપણ ખાવાની ટેવ રાખવી નહીં પણ પાધરા ઘેર જવું. સાંજનું હલકું ભોજન કરવું. પછી બની શકે તો કોઇ વડીલ ગુણવાન શિક્ષક અથવા ઘરના માણસ સાથે આશરે એક કલાક બહાર સ્વચ્છ હવામાં ફરવા જવું. ત્યાં પણ બીજા વિચાર કરવાની ટેવ નહીં રાખતાં ઝાડ, પાન, ફુલ ફળ, ઇત્યાદી ઇશ્વરની સુંદરતાનું જ્ઞાન મેળવવાને ટેવ પાડવી.

બોધપાઠ ૯ મો.

ઘેર આવ્યા પછી પોતાના ભાઇભાંડુ તથા માતા [illegible]તા સાથે મીઠાં વચનોથી પૂર્વનાં સદ્ગુણી થઇ ગએલાં [illegible], ગાર્ગી તેમજ સીતામાતા, દમયંતી તથા સનાતન [illegible]ને સંપન્ન પાંડવો, રામ અને નળ ઇત્યાદિ મહાન્ પુરુષોની કથા વાર્તા સાંભળવી અને રાત્રે આશરે નવ કલાકે સુવાની ટેવ રાખવી. સુવા જતાં પહેલાં ઇશ્વરની સ્તુતિ અને ભજન એક ચિત્તથી કરવાની ટેવ રાખવી. જ્યાંસુધી

વિદ્યાર્થીની અવસ્થા છે ત્યાંસુધી કોચ, ખાટલા તથા ઘણી નરમ પથારીમાં સુવાની ટેવ પાડવી નહીં.

બોધપાઠ ૧૦ મો.

મન. વાણી તથા શરીર એનાથી જેવાં સારાં અથવા માઠાં કર્મ કરીએ તેવાં સારાં અથવા માઠાં ફળ ભોગવવાં પડે છે. અને તેથીજ બીજા જન્મમાં પણ સારા અથવા માઠા ઘરમાં જન્મ થાય છે. માટે દુઃખ અને સુખ જે આવે છે તે પોતાના કર્મથીજ આવે છે. તેથી હે બાળકો? તથા બાળકીઓ ! તમે નિરંતર મન, વાણી અને શરીર એ ત્રણેથી, સારૂં કરવાની ટેવ રાખજો એટલે મનમાં કાંઇ અને બહાર કાંઇ એવી રીતે કોઈપણ કામ કરવાની ટેવ રાખતાં નહીં.

બોધપાઠ ૧૧ મો.

અરે બાળકો! તમે એકાંતમાં જે કામો કરો છો તેની છાપ કોઇ ઠેકાણે પડે છે, એમ જાણી એકલા હો તોપણ માઠા વિચાર અથવા માઠાં કામ કરતાં નહીં. આપણે પોતે આપણું ભલું કરનાર છઈએ તેમજ ભૂંડું કરનાર છઇએ. કેમકે આપણે કોઈનું ભલું ઇચ્છીશું તો આપણું ભલું થશે અને ભૂંડું ઇચ્છીશું તો ભૂંડું થશે એવું શ્રી ભગવાને કહ્યું છે.

બોધપાઠ ૧૨ મો.

હે બાળકો ! જો તમે નિરંતર ખાવા પીવા અને પેહેરવા ઓઢવામાં મન રાખશો તો તમારા પાઠ યાદ રહેશે

નહીં અને તમને તેવી ટેવ પડવાથી સંસારમાં આગળ ઘણું દુઃખ ભોગવવું પડશે, માટે જે વખતે જેવું ખાવા પીવા અને પેહેરવા ઓઢવાનું માબાપ આપે, તેથી રાજી રહી તેમને કનડવાં નહીં. વળી માબાપની આજ્ઞામાં રેહેવાથી એટલે તેમનું કહ્યું માનવાથી ઈશ્વર તમારૂં સારૂં કરી તમને ઘણો લાભ આપશે. અને બીજો જન્મ પણ સારે ઠેકાણે આપશે.

બોધપાઠ ૧૩ મો.

હે બાળકો ! કાંઇ પણ કામ કરવામાં પૈસા તથા મોટાઇ મેળવવાનો લોભ રાખતા નહીં. કોઈનું પણ સારૂં કરવામાં તન અને મનથી મેહેનત કરજો. આળસ રાખતા નહીં. ચાડી ચુગલી કરતા નહીં નઠારી સોબત રાખતા નહીં, પોતાનું કામ કરવાને કોઈની મદદની આશા રાખતા નહીં, કોઈની અદેખાઈ અને કોઇ ઉપર ક્રોધ કરતા નહીં અને દુર્ગુણ માત્ર કાઢી નાંખવાને પ્રયત્ન કરતા રહેજો.

બોધપાઠ ૧૪ મો.

હે બાળકો ! સઘળા કામમાં વિચાર કરી, અને વિવેક રાખી ધીરજ રાખજો. મીઠાં વચનો બોલી ક્ષમા કરવાની ટેવ રાખજો. શરીર અને મનથી મેહેનત કરવાની ટેવ રાખજો. કોઇની પડેલી વસ્તુ નહીં લેવાની ટેવ રાખજો તન અને મનની નિર્મળતા રાખજો. વિચાર કરી કામ ક-

રવાની ટેવ રાખવી. પવિત્ર વિદ્યા મેળવવાની ખંત રાખજો સઘળામાંથી સારા ગુણો લેવાની ટેવ રાખી, સદા સાચું બોલવાની ટેવ રાખજો, અને સદ્ગુણો મેળવવાને પ્રયત્ન કરજો.

બોધપાઠ ૧૫ મો.

હે બાળકો! તમારાથી મોટા હોય તેમની શિખામણ માનજો. પોતાની હઠ કરવી નહીં. ગરિબ માણસને પોતાની શક્તિ પ્રમાણે ખાવા પીવાનું આપી રાજી રહેવું. સઘળા મનુષ્યને પોતાના ભાંડુ સમાન સમજી, તેમને પોતાથી બની શકે તેટલી શુભ કાર્યમાં સહાયતા કરવી. નિરંતર બધાનું શુભ ઇચ્છવું. નાના તથા મોટા સઘળા જીવોપર દયા રાખજો. કોઇને જાણી જોઇને દુઃખ દેતા નહી. જીવ ઉગારવાને સહાયક થજો.

બોધપાઠ ૧૬ મો.

હે બાળકો! સદા સંતોષી રહેજો. સંતોષથી તન અને મન નિરોગી રહે છે. વધારે સુખ ભોગવવાની ઇચ્છા રાખવાથી, આગળ વધારે દુઃખ થઇ પડે છે. સંતોષ વિના, કદાપિ સુખ થતું નથી. સંતોષિને ભગવાન્ સહાય થાય છે માટે પોતા થકી જેટલું બની શકે તેટલું સુખ, સાચે રસ્તે મેળવવાની ટેવ રાખી, નિરંતર આનંદમાં રહેવું. સંતાપ કરવાથી તન અને મન બગડે છે. સંતાપ કરવાથી આબરૂ ઘટે સંતાપ કરવાથી વિદ્યા તથા કોઇપણ કા-

ગમાં ચિત્ત લાગતું નથી. અને સુખનાં સાધનને બગાડનાર પણ સંતાપ અને કલેશજ છે.

બોધપાઠ ૧૭ મો.

હે બાળકો ! સત્ય સઉથી મોટો ધર્મ છે. માટે સત્ય કર્મથી એક બીજા સાથે એકત્ર થવું. કોઇ પણ ધર્મ કે નીતિ સત્યથી અધિક નથી. સત્યથી અંતે જય છે. સત્ય ઉપર આપણા કર્મના ફળનો આધાર છે. સત્ય કરતાં અધિક બીજું પુણ્ય નથી. તેમજ અસત્ય કરતાં બીજું કોઇ મોટું પાપ નથી. અને અસત્યથી આવરદા ઘટે છે. એવું સઘળા સતશાસ્ત્રામાં મહાત્મા પુરૂષો કહી ગયા છે. તેથી નિરંતર સાચું બોલવાની ટેવ રાખવાથી, અંતે આલોક અને પરલોકમાં ઉત્તમ ગતિ થઇ ઇશ્વરની પાસે જવાનો માર્ગ મળે છે.

બોધપાઠ ૧૮ મો.

હે બાળકો ! કોઈપણ દહાડો ભગવાનનું સ્મરણ કરવું ભુલતાં નહીં. આપણા સર્વનો પેદા કરનારો તે છે. આપણા માબાપ જેનાથી આપણે પેદા થયાં છૈયે તેઓને પણ જન્મ આપનારો તે છે. આખા જગતનો પેદા કરનારો છે અને તેથી તે સહુનો પિતા છે. તેની સત્તાથી સુર્ય ચંદ્ર અને તારાઓ પ્રકાશે છે, પવન વાય છે, વરસાદ આવે છે અને જગતના સઘળા વહેવાર ચાલે છે. તેની સત્તાની બરાબરી કોઈપણ બીજાની સત્તા કરી શકાતી નથી.

રાજાનો પણ રાજા તે છે. આપણા પોતાના અંતરમાં પણ તે પ્રકાશી રહેલો છે, માટે આપણું અંતર પવિત્ર રાખવું જોઇએ એટલુંજ નહીં પણ શરીર પણ સ્વચ્છ અને સારૂં રાખવું જોઇએ. ગંદી અને નઠારી ગંધાતી જગાથી આપણે આઘા જતા રહીએ છીએ તો આપણે મેલા ગંદા અને અપવિત્ર રહીએ તો ઈશ્વરને આપણા અંતરમાં રહેતાં કેટલો કંટાળો આવે ? માટે આપણું શરીર બહારથી તેમજ અંદરથી ચોખ્ખું રાખી તેમાં ઈશ્વરનું ધ્યાન ધરવું, એમ કીધાથી તે આપણા ઉપર રાજી થઇ આપણને સુખ આપે છે.

બોધપાઠ ૧૯ મો.

કોઇ આપણને ગાળ દે, અથવા આપણું ભુંડું બોલે, અથવા આપણો તિરસ્કાર કરે, તો આપણે તેની દરકાર કરવી નહીં, અને તેની સામે તેવું કરવું નહીં. સઘળા જીવો સરખાં હોતાં નથી. કેટલાક સારા હોય છે ને કેટલાક નઠારા હોય છે. ગાળ દે, બીજાનું ભુંડું બોલે, બીજાનો તિરસ્કાર કરે તે સારા જીવ કહેવાય કે નબળા ! બેશક, નબળા. બીજા નઠારા હોય માટે આપણે નઠારા થવું એ વાજબી અને ડહાપણ ભરેલું નજ કહેવાય. દુનીઆમાં સારી અને નઠારી બન્ને જાતની વસ્તુઓ હોય છે. સારી વસ્તુ નઠારી વસ્તુને જોઇને પોતાના સારા ગુણ મુકી દેતી નથી અને તેના નઠારાં ગુણ લેતી નથી. ગુલાબની સુગંધ

કોઇ દહાડો બદલાતી નથી, અને તે સુગંધને બધા ચાહે છે. હીંગડામાંથી જે ગંધ નીકળે છે તેથી માણસનું માથું દુખે છે અને તેનાથી સહુ આઘા નાસે છે. હીંગડાની પાસે ગુલાબનું ફુલ મુકીએ તોપણ ગુલાબ તો પોતાની સુગંધજ બહાર કાઢે છે. એજ પ્રમાણે બીજાના નઠારા ગુણથી આપણે આપણા સારા ગુણ મુકી દેવા નહીં. સારા ગુણવાળા સારા ગણાય છે, તેનાં સહુ વખાણ કરે છે, અને ભગવાનને પણ તેજ વહાલા છે.

બોધપાઠ ૨૦ મો.

હે બાળકો, હંમેશ યાદ રાખજો કે ઘરમાની કંઇ પણ વસ્તુ માબાપને અને ઘરના કોઇપણ વડીલને કહ્યા વિના લેવી નહીં. જો લઇએ તો તે એક જાતની ચોરી અને પાપ છે. એકાંતમાં અહીં મને કોઈ દેખતું નથી અને કોઈ જાણવાનું નથી, એવો વિચાર કદી પણ આવવા દેશો નહીં. જહીં તમે કોઇને જોતા નથી તહીં રાજાનો પણ રાજા એવો જે ઈશ્વર તે હજારો આંખથી જોઇ રહેલો છે. એક બિંદુ પણ એવું નથી કે જ્યાં તે નથી. તેમજ તે તમારા પોતાનામાંજ રહેલો છે અને તમે જ્યાં જશો ત્યાં તે સાથે-નો સાથેજ હોય છે. તેનાથી કંઇ પણ છુપું રહી શકવાનું નથી. માબાપને અથવા કોઇ પણ વડીલને કહીને કંઇ વસ્તુ લેશો તો તે રાજી થશે અને તેમને પુછયા વિના

છુપી રીતે લેશો તો તેઓ જ્યારે જાણશે ત્યારે તેઓ તમારા ઉપર ખીજવાશે. છુપી રીતે જે માણુસ કામ કરે છે તેને ભય રહે છે, પણ જે સીધી રીતે ચાલી ખુલ્લી રીતે કરે છે તેને કંઇ પણ દહેશત નથી

બોધપાઠ ૨૧ મો

હંમેશાં જેમ બને તેમ સારૂં કરવાની ટેવ પાડો. તમે તમારા ભાડુઓમાં અને સગાઓમાં જેનું સારૂં કરશો તે તમારા ઉપર વધારે હેત કરશે અને તમને પોતાના કરીને માનશે, તમે તમારા દોસ્તદારને કાંઇ સારૂં કરશો તો તે તમારી સાથે વધારે દોસ્તી રાખશે. તમારી ભણી જે દુશ્મનાઇ રાખતો હોય તેનું પણ સારૂંજ કરજો, તેમ કીધાથી તે મનમાં શરમાશે, અને તમારી તરફ તેનું વલણ સારૂં થશે, બધાનું સારૂં કરવાની ટેવ પાડવાથી તમે સુખી થશો, સહુની સાથે સ્નેહ બંધાશે, અને સહુ તમારા ઉપર મમતા રાખી જરૂરની વેળાએ તમને જોઇતી મદદ આપશે. સારૂં કામ કરે છે તેનાં સારાં ફળ થાય છે. આંબો રોપે તેને કેરી ખાવાની મળે છે, અને આંકડો રોપે તેને કેરી મળતી નથી.

બોધપાઠ ૨૨ મો.

જે છોકરો નિશાળે જતાં કંટાળો ખાય છે અને નહી જવાને જુઠાં બહાનાં કહાડે છે તે છોકરો અભણ રહેછે અને મોટી ઉમ્મરે પસ્તાય છે ને દુઃખી થાય છે.

સારો છોકરો હોંસથી અને ખંતથી પાઠ તૈયાર કરે છે. અને વખતસર નિશાળે જાય છે. ઘેરથી નિશાળે જતાં અને નિશાળેથી ઘેર પાછાં આવતાં હંમેશ સીધે રસ્તે જવું અને આડા અવળા રખડવું નહીં તેમજ રસળવું નહીં. નિશાળેથી મહેતાજીની રજા થયા વિના જતાં રહેવું નહીં. રજા થયા પછી ઘેર જવું, અને ઘેર જતાં મોહોડું ધોઇ નાખી થોડી વાર બેશી પછી જે કરવાનું હોય તે કરવું.

બોધપાઠ ૨૩ મો.

બાળકો તમે ઘેરથી જ્યારે બહાર કંઈ કામસર અથવા ફરવા જાઓ ત્યારે કોઇપણ જગાએ ગાળાગાળી મારામારી અથવા ટંટોફીસાદ થતો હોય તે જગાએ જોવાને ઉભા રહેવું નહીં. ત્યાં ઉભા રહ્યાથી તમને કંઇપણ લાભ નથી અને કોઈવાર એવા તોફાનમાં તમે શામેલ ગણાઈ જશો અને વગર કારણે મુશીબતમાં આવી પડશો. તેમજ રસ્તામાં જતાં નઠારા છોકરાઓ અથવા નઠારા માણુસની સોબત કરવો નહીં. અજાણ્યા માણુસથી દુર રહેવું અને તે લાલચ બતલાવે તો તેથી લોભાવું નહીં; અને તેની સાથે જવું પણ નહીં.

બોધપાઠ ૨૪ મો.

બાળકો જે કામ કરો તે સંભાળથી અને ચિત્ત દઇને કરો. જે કામ કરતા હોઇએ તેમાંજ તે કરતાં ચિત્ત

રાખવું અને મનને બીજી વાતમાં દોડવા દેવું નહીં નાહતી વેળાએ પોતાનું શરીર સાફ કરવા ઉપરજ લક્ષ રાખવું સેવા પુજા કરતાં તેમાંજ લક્ષ રાખવું, જમતી વેળા ખાવામાંજ લક્ષ રાખવું, પાઠ કરતી વખતે પાઠમાંજ લક્ષ રાખવું, એમ હરેક કામ કરતી વખતે તેજ કામમાં ચિત્ત રાખવું એ પ્રમાણે જે કરે છે તેને સંભાળથી કામ કરવાની ટેવ પડે છે અને તેનું કામ સારૂં થાય છે.

બોધપાઠ ૨૫ મો.

બાળકો, કોઇ પણ માણસ તમને શિખામણ આપે તો તે ધીરજથી સાંભળજો. તમારી જો કોઇ ભુલ બતાવે તો તેના ઉપર રીસ નહીં કરતાં તેનો પાડ માનજો કેમકે તમારી ભુલ તમને માલમ પડે છે તો તે તમે ફરીથી નહીં કરો અને સુધરશો. તમારા સારાં માટે તમને કોઇ કડવાં વચન કહે તો તેના ઉપર ખીજવાશો નહીં અને રીસ કરશો નહીં. માંદા માણસને વૈદ કડવું ઓસડ પાય છે તે શેને માટે! માદાનું દરદ મીટાડવાને. જેને તમારે માટે દાઝશે તેજ તમને સુધારવાને-- સારા કરવાને કડવું કહેશે અને શિખામણ આપશે.

બોધપાઠ ૨૬ મો.

સહુ માણસોની સાથે નરમાશથી બોલવું અને નરમાશથી ચાલવું. ઉદ્ધતાઇ અને કઠોરતા કદી પણ રાખતા

નહીં. તેમજ બાયલા થઇ કોઇથી બીહવું પણ નહીં. સહુ સાથે જરા પણ ગભરાયા વિના સારી રીતે વાત કરવી. કોઇને માન આપવું હોય તો તે સારી રીતે આંપવું અને તેમ કરવામાં પણ ગભરાવું નહીં.

બોધપાઠ ૨૭ મો.

બાળકો, કંઇ પણ કામ કરો તે વખતે યાદ રાખજો કે આખા જગતનો માલીક ભગવાન તમારી સામે ઉભેલો છે અને તે સઘળું જોય છે. તમે જે કામ કરશો તે તે જોશે. તમે જે બોલશો તે તે સાંભળશે, એટલુંજ નહીં પણ તમે મનમાં જે કંઇ વિચાર કરશો તે પણ તે જાણશે. તમે નઠારૂં કામ કરશો, જુઠું બોલશો અને નઠારા વિચાર કરશો તો તે ભગવાનથી છુપાવાશે નહીં, અને તે જાણતાં તે તમારા ઉપર નારાજ થશે અને જો સારૂં કામ કરશો, સાચું બોલશો અને સારા વિચાર કરશો તો તેપણ તે જાણશે અને તમારા ઉપર રાજી થશે માટે તે હંમેશ તમારી સામે રહેલો છે એમ છાતીમાં કોતરી રાખવું ને ભુલવું નહીં.

બોધપાઠ ૨૮ મો.

દરરોજ જમતા પહેલાં પરમેશ્વરનું નામ લઇ તેને યાદ કરવાનો નિયમ રાખો. પરમેશ્વરને કોઇ રામ કહે છે, કોઇ મહાદેવ કહે છે, કોઇ હરી કહે છે અને કોઇ કૃષ્ણ કહે

છે. જુદા જુદા માણસો જુદે જુદે નામે તેને સંભારે છે. તમને જે નામ વહાલું હોય તે નામે તેને સંભારજો નાહીને ચોખ્ખાં લુગડાં પહેરી નચીંત થઇ કોઈ સારી જગા જ્યાં બહુ ગડબડ નહીં હોય ત્યાં બેસવું બીજા કશામાં મન રાખવું નહી. પલાઠી વાળીને બેસવું, આંખ મીચી દેવી અને પછી તમારા ભગવાનને નામ દઈ સંભારવો. મનથી તેને પગે લાગવું અને કહેવું કે હે પ્રભુ! મને સારી બુદ્ધિ આપજો, ધર્મ અને નીતિને માર્ગે મને દોરવજો અને દીવસે દીવસે તમારી ઉપરની મારી ભક્તિ વધારજો.

બોધપાઠ ૨૯ મો.

છોકરાઓ, સવારના પહોરમાં પોતાની મેળે વહેલા ઉઠવાની ટેવ પાડજો, અને આળસથી પથારીમાં પડી રહી બીજાઓ તમને ઉઠાડે એવું થવા દેશો નહીં સુરજ હરરોજ પોતાની મેળે કેવો વખતસર ઉગે છે અને પોતાનું કામ કરે. છે. પંખીડાંઓ પણ જુઓ પોતાની મેળે ઉઠી મીઠું મીઠું ગાન કરતાં પોતાના કામમાં મચી જાય છે, તેને કોઇ ઉઠાડવા જતું નથી પંખીના કરતાં માણસ જાત ઘણી ઉંચી છે. તમે માણસમાં જન્મેલા છતાં શું પંખીઓથી પણ જશો! અને પથારીમાં પડી રહેશો ના, કદી નહીં. વેળાસર પોતાની મેળેજ ઉઠવું.

બોધપાઠ ૩૦ મો

મોટામોટા પંડીતો અને ડાહ્યા માણુસોથી પણ ઘણીવાર ભુલ થઇ જાય છે તો બાળકોથી ભુલ થાય એમાં અજાયબ થવાનું નથી. ભુલ થાય તો તે ભુલ તરત કબુલ કરવી એ સરૂં છે. જે બાળક ભુલ કબુલ કરે છે તે ફરીથી તેવી ભુલ કરશે નહીં અને સુધરતો જશે. જે બાળક પોતાની ભુલ છુપાવવાને મહેનત કરશે, તે જુઠું બોલતો થશે અને એકને બદલે બે પાપ કરશે. એકવાર એ પ્રમાણે થશે તો બીજી વખતે પણ એજ પ્રમાણે કરવાનું તેને મન થશે અને તેમ કરશે. આવી રીતે તે બાળક સુધરવાને બદલે બગડતો જશે અને ઇશ્વરનો અપરાધી થશે.

બોધપાઠ ૩૧ મો.

બાળકો જો તમે તમારૂં સારૂ ચાહતાં હોય તો નઠારાં વ્યસનથી હંમેશ દુર રહેજો. દારૂ પીવો, અફીણ ખાવું, બીડી પીવી, ચલમ ફુંકવી એ સર્વે નુકસાનકારક છે. એ સઘળી વસ્તુઓ ઝેરી છે. એથી બુદ્ધિ બગડે છે એટલુજ નહીં પણ શરીરની તંદુરસ્તિ પણ બગડે છે. જેને નઠારૂં વ્યસન લાગુ પડે છે તેને તે લીધા વિના આળસ આવે છે, બગાસાં આવે છે અને બેચહેની થાય છે. અને તેથી એવું થતું અટકાવવાને વ્યસનવાળી ચીજ મેળવવાને તે માણસ જુઠું બોલતા અને ચોરી કરતાં શીખે છે. માટે એવી નઠારી ટેવથી હંમેશ બીહતાજ રહેજો.

બોધપાઠ ૩૨ મો.

જે વસ્તુ આપણી નથી અને બીજા માણસની છે તે વસ્તુ ઉપર આપણી કંઈ સત્તા નથી. તે વસ્તુને રાખવાનો અને પોતાની નજરમાં આવે તેવો ઉપયોગ કરવાનો હક તેના માલીકનો છે. માલીકની રજા વગર અથવા તેના કહ્યા વગર કંઇપણ વસ્તુ લેવી નહીં, કેમકે જો લઇએ તો તે ચોરી કરેલી ગણાય. ભુલમાં અને અજાણતામાં કોઈની કંઈ ચીજ આપણી પાસે આવી જાય તો તે વાત આપણને માલમ પડતાં તે ચીજ તેના માલીકને આપી દેવી. એમ જે બાળક કરે છે તેને સહુ સારો કહે છે.

બોધપાઠ ૩૩ મો.

બાળકો તમે જો કોઇની કંઇ પણ વસ્તુ માગી લાવો તો તે વસ્તુ તે માણસને પાછી આપવાનું કદી ભુલતા નહીં. કોઇની પાસે આપણે રૂપીઆ ઉછીતા લઇએ તો તે રૂપીઆ આપણે તેને પાછા આપવા જોઇયે. જયાં સુધી તે પાછા આપીએ નહીં ત્યાં સુધી આપણે તેના કરજદાર ગણાઈએ. તેજ પ્રમાણે સઘળી વસ્તુ માટે સમજવું.

બોધપાઠ ૩૪ મો.

બાળકો, જેમ મારામારી અને ગાળાગાળી કરવી નહીં તેમજ મશ્કરી ઠઠ્ઠા પણ કદી કરવા નહીં. મશ્કરી

ઠઠ્ઠા કરતાં ઘણીવાર કજીઓ કંકાસ થઈ જાય છે અને વખતે સામસામી બોલાચાલી વધતા મારામારી પણ થાય છે અને છેવટે તેનું પરીણામ ઘણું નઠારૂં આવે છે.

બોધપાઠ ૩૫ મો.

અટકચાળું કરવાની ટેવ ઘણા બાળકોને હોય છે પણ એથી ઘણીવાર નુકસાન થાય છે, માટે એ નઠારી ટેવ સમુળી મુકી દેવી. ઘોડું, ગધેડું, બળદ, કુતરાં, બીલાડાં વગેરે કોઇ પણ જાનવરની સાથે અડપલું કરતાં તે લાત મારે છે અને કરડે છે. ગાય ઘણી ગરીબ છે છતાં તે પણ લાત મારે છે. જે બાળક એવાં અડપલાં કરે છે તેને નકામું વાગે છે. અથવા બીજી ઇજા થાય છે અને ઘણા દહાડા લગી દુઃખ વેઠવું પડે છે એટલુંજ નહીં પણ કોઈક વાર જીવનું જોખમ થાય છે, માટે હંમેશ સંભાળીને ચાલવું અને ઘઇની છેડતી કરવી નહીં. ઘરમાં અથવા બહાર કોઇપણ વસ્તુની ઠેકઠાક કરીએ તો વાગે છે માટે તેમ પણ કરવું નહીં. તેમજ દેવતા, દીવો, ફટાકા, દારૂની સાથે રમત કરવી નહીં, અને જો રમત કીધી તો તેથી નુકસાન થયા વીના રહેતું નથી.

બોધપાઠ ૩૬ મો.

કોઈપણ દહાડો અજાણી વસ્તુ ખાશો નહીં. બધી ચીજો સારી હોતી નથી. સવાદ સારો લાગે એવી ચીજો

બધી ગુણમાં સારી હોતી નથી. ઘણી અવગુણ કરનારી હોય છે, કોઇ ઝેરી પણ હોય છે અને તે ખાધામાં આવે તો ઝેર ચડે છે અને મરણ થાય છે. વાસણમાં ઘણીવાર ઉઘાડું રહેલું પાણી. દુધ વગેરે કંઇપણ પીવું નહી, કેમકે કોઇ ઘાલોડી વગેરે કોઈ પણ ઝેરી જીવ તેને અડી ગયલો હોય તો પીધાથી તે ઈજા કીધા વિના રહેતું નથી. આપણી ગેરહાજરીમાં એમ થયું હોય તો તે આપણે જાણી શકતા નથી, માટે એવું કરતાં હમેશા સાવધ રેહવું.

બોધપાઠ ૩૭ મો.

બાળકો કોઇપણ દહાડો નઠારૂં અને પાપનું કામ કરશો નહીં. હમેશાં સારાં કામો કરજો-સારૂં કામ કરતાં પહેલાં પરમેશ્વરને સંભારજો, તેનું નામ લેજો. અને માંગજો કે હે પ્રભુ! આ કામ હું કરવા માંગું છું માટે તું તેમાં મને સહાય કરજે કે એ કામ સારી રીતે પાર પડે. જ્યારે જ્યારે તમે વમારો પાઠ તૈયાર કરવા બેસો અથવા બીજું કંઇ ભણવા બેસો તે વખતે એ પ્રમાણે કરવનું કદી ભુલતા નહીં.

સમાપ્ત.

આ નાના પુસ્તકના રચનાર સ્વર્ગવાસી રા. રા. ગૌતમરામ ઉત્તમરામ ત્રીવેદી હતા. તેમણે ૧૭ પાઠો લખેલા હતા. આ લઘુ પુસ્તકની આજ સુધીમાં નવ આવૃત્તિઓ જુદા જુદા પરોપકારી સદ્ગૃહસ્થો તરફથી વારંવાર છપાવવામાં આવી હતી. છતાં આ પુસ્તકની ઉપયોગીતા જનસમૂહમાં ઘણીજ થઈ છે. અને તેની તમામ નકલો થઇ રહેવાથી આ દશમી આવૃત્તિ થોડા વધારા સાથે પ્રગટ કરવામાં આવી છે.

આ પુસ્તકના ૧૭ પાઠોમાં જનસમૂહને કેળવણીમાં વધારો થવા જેવા બીજા બોધપાઠોનો વધારો રા. રા. મંજુલચરામ ભગવચરામ નાગીશાળાના મેનેજરે કીધો છે. પ્રાથમીક કેળવણીમાં પણ દિનપરદિન ફેરફારો થાય છે. તેને અનુસરી આ બોધમાળા જેમ વધારે ઉપયોગી બને તેમ કરવાનો પ્રયત્ન કર્યો છે. તેથી બાળકોને શરૂઆતમાં આ પુસ્તક અતિ ઉપયોગી થઇ પડશે.

આ દશમી આવૃત્તિ છપાવવા અને તેના આવક ખરચની સર્વ વ્યવસ્થા કરવાનો તમામ હક આજથી ધર્મ નીતિ શિક્ષણ ફંડના મેનેજરને સોંપ્યો છે. અને આશા છે કે ધર્મ નીતિ શિક્ષણ ફંડને આ લઘુ પુસ્તક મદદગાર બનશે.

સંવત ૧૯૬૭ જ્યેષ્ઠ

મનમોહનદાસ દયાળદાસ સરાફ.

આપું બુદ્ધિ ગુરૂજી નીતિ પંથ વાળો.
ભુલાવતાં સકળ સંશય શુન્ય કાળો;



કર્તવ્ય ચુસ્ત બની કામ બધાં કરૂં રે,
મદ ભક્તિથી ગુરૂ તણું સ્મરણું કરૂં રે,